# પ્રમાણપત્ર ચકાસણી બાબતે ઉમેદવારોને સુચનાઓઃ-

## પ્રોવીઝનલ મેરીટ લીસ્ટમાં આવતા ઉમેદવારોએ બોર્ડની કચેરીએ પ્રમાણપત્ર ચકાસણી માટે આવતા પહેલા નીચેની સુચનાઓ ખાસ ધ્યાને લેવાની રહેશે.

(૧) ઉમેદવારે જાતે જ આવવાનું રહેશે.પ્રમાણપત્ર ચકાસણી માટે તારીખ/સમય આપવામાં આવેલ છે, તે જ તારીખ/સમયે ઉમેદવારે આવવાનુ રહેશે.

(૨) જો કોઇ ઉમેદવાર પ્રમાણપત્ર ચકાસણીમાં ઉપસ્થિત રહેવા ન માંગતા હોય અને સદર જગ્યા માટે નિમણુંક મેળવવા ઇચ્છતા ન હોય તો આવા ઉમેદવારે તેના રજીસ્ટર્ડ ઇમેઇલ આઇડી (જે ઓજસ ઉપર ઓનલાઇન જાહેરાત ભરતી વખતે લખેલ હતું તે) ઉપરથી બોર્ડ કચેરીને sec-gspsb-ahd@gujarat.gov.in ઇમેઇલ ઉપર તે મતલબની લેખિત જાણ કરવાની રહેશે.

(૩) ઉમેદવારે પોતાના તમામ અસલ પ્રમાણપત્રો ફરજીયાત પણે સાથે લાવવાના રહેશે, તથા દરેક પ્રમાણપત્રની બે નકલો સ્વપ્રમાણિત કરીને લાવવાની રહેશે.

(૪) ઉમેદવારે નીચેના પ્રમાણપત્રો (અસલ + સ્વપ્રમાણીત નકલો) સાથે લાવવાના રહેશે.

(૧) ઉમેદવારની ઓનલાઇન અરજીની પ્રિન્ટ
(૨)**ATTESTATION FORM**(નમુનો-૧)(તમામ ઉમેદવારો માટે ફરજીયાત છે.)(નમુનો પંચાયત વિભાગની વેબસાઇટ ઉપર મુકેલ છે.)
(૩)ઉમેદવારની શૈક્ષણિક લાયકાતની સંપૂર્ણ વિગત દર્શાવતું પત્રક (નમુનો-૨)(નમુનો પંચાયત વિભાગની વેબસાઇટ ઉપર મુકેલ છે.)
(૪) ધોરણ-૧૦ ની માર્કશીટ અને ટ્રાયલ સર્ટીફીકેટ
(૫) ધોરણ-૧૨ ની માર્કશીટ અને ટ્રાયલ સર્ટીફીકેટ
(૬) શૈક્ષણિક લાયકાત અંગેની માર્કશીટ (વર્ષવાઇઝ /સેમેસ્ટર વાઇઝ તમામ નકલો સામેલ રાખવી)
(૭) ડીપ્લોમાં /ડીગ્રી સર્ટીફીકેટ
(૮) શાળા છોડયાનું પ્રમાણપત્ર
(૯) કોમ્પ્યુટરના નોલેજ અંગેનું નિયત પ્રમાણપત્ર
(૧૦) જાતિ અંગેનું સક્ષમ સત્તાધિકારીશ્રી ધ્વારા ઇસ્યુ કરેલ પ્રમાણપત્ર(લાગુ પડતુ હોય તો)
(૧૧) સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોના કિસ્સામાં જાહેરાતમાં દર્શાવ્યા મુજબનું નોન-ક્રિમીલેયર પ્રમાણપત્ર
(૧૨) શારીરીક અશકતતા ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં સિવિલ સર્જનનું નિયત પ્રમાણપત્ર
(૧૩) માજી સૈનિક કેટેગરી ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં માજી સૈનિક હોવા અંગેના આધાર પુરાવા તથા ડીસ્ચાર્જ બુક
(૧૪) વિધવા ઉમેદવારોના કિસ્સામાં વિધવા હોવા અંગેના પ્રમાણપત્રો તથા પુનઃ લગ્ન કરેલ નથી તે અંગેનું સબંધિત મામલતદારશ્રીનું પ્રમાણપત્ર
(૧૫) આંતરરાષ્ટ્રીય/રાષ્ટ્રીય/આંતર યુનિર્વસિટી ટુર્નામેન્ટ/શાળાઓ માટેની રાષ્ટ્રીય ખેલકુદ/રમતોના ખેલાડીઓના કિસ્સામાં જાહેરાતમાં દર્શાવ્યા મુજબના નિયત નમુનાના જરૂરી પ્રમાણપત્ર
(૧૬) તાજેતરના પાસપોર્ટ સાઇઝના ૦૪ ફોટો

(૫) ઉમેદવારે પોતાના પ્રમાણપત્રોની નકલ આ સાથે રાખેલ અનુક્રમણિકા મુજબ ક્રમાનુસાર રાખવાના રહેશે. આવી અનુક્રમણિકાના બે સેટ તૈયાર કરવાના રહેશે.